| PUBLICATION NAME : | Sandesh (City Life) |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 29/03/24 |
| PAGE : | 1 |

# ૪૩ ઇન્ટરનેશનલ પ્રોફેશનલ્સને EDII ખાતે બે પ્રોગ્રામમાં ટ્રેનિંગ અપાઇ

## રવાન્ડા અને કેન્યાના પ્રોફેશનલ્સે આંત્રપ્રિન્યોરશિપમાં જેન્ડર રિસ્પોન્સિવ ગવર્નન્સ વિષય પર નોલેજ મેળવ્યું




**સિટી લાઇફ ।** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII), અમદાવાદે કેન્યા અને રવાન્ડાના ૪૩ પ્રોફેશનલ્સને ભારત સરકારના વિદેશ મંત્રાલયના ઈન્ડિયન ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન (આઈટીઈસી) ડિવિઝન દ્વારા સ્પોન્સર કરાયેલા બે પ્રોગ્રામ્સ 'જેન્ડર રિસ્પોન્સિવ ગવર્નન્સ ઈન આંત્રપ્રિન્યોર'(૨ વીક પ્રોગ્રામ) અને 'બ્રિન્ગિંગ ડિજિટલ એફિશિયન્સી ઈન કોઓપરેટિવ' (૩ વીક પ્રોગ્રામ)માં ભાગ લીધો હતો અને તેના માટે આ પ્રોફેશનલ્સને સર્ટિફિકેટ એનાયત કર્યા હતા. કેન્યા સરકારના ૨૦ અધિકારીઓ માટે જ ખાસ રચાયેલા પ્રથમ પ્રોગ્રામમાં આંત્રપ્રિન્યોરશિપમાં જેન્ડર રિસ્પોન્સિવ ગવર્નન્સ પર ધ્યાન આપવામાં આવ્યું હતું જેનો ઉદ્દેશ્ય જેન્ડર- ઈન્ક્લૂઝિવ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી અને પ્રેક્ટિસિસને પ્રોત્સાહન આપવા માટે જરૂરી ટૂલ્સ તથા ઈન્સાઈટ્સથી સશક્ત બનાવવાનો હતો જ્યારે બીજો પ્રોગ્રામ કો-ઓપરેટિવ્સમાં ડિજિટલ ક્ષમતા લાવવા પર કેન્દ્રિત હતો, જેમાં રવાન્ડાના ૨૩ પ્રોફેશનલ્સે ભાગ લીધો હતો. આ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ્ય ડિજિટલ હસ્તક્ષેપ દ્વારા કો-ઓપરેટિવ કામગીરીમાં ક્રાંતિ લાવવાનો હતો.